## સાયણની સનરાઈઝ ઈન્ડસ્ટ્રીમાં લિફ્ટ તૂટી પડતાં શ્રમિકનું મોત

**એક** મહિના અગાઉ પણ સાયણના ઔદ્યોગિક એકમમાં લિફ્ટ તૂટી પડતાં બેનાં મોત નીપજ્યા હતા, તંત્ર સામે રોષ

સાયણઃ સાયણ વિસ્તારના ઔદ્યોગિક એકમોમાં લિફ્ટ તૂટી પડવાનું યથાવત રહ્યું છે. એક મહિના અગાઉ લિફ્ટ તૂટી પડતા બે શ્રમિકનાં મોત થયા હતા. આજે રવિવારે સાયણ-કારેલી રોડ પર સનરાઈઝ ઈન્ડસ્ટ્રીયલમાં ધનલક્ષ્મી ટેક્ષટાઈલની લિફ્ટ તૂટી પડતા વધુ એક યુવા શ્રમિકનું મોત થયું છે.

પ્રાપ્ત માહિતી મુજબ સાયણ કારેલી રોડ પર સનરાઈઝ ઈન્ડ્રસ્ટ્રીઝમા


જયેશ પટેલ

વિશાલભાઈ સુરેશભાઈ કળથિયાનું ધનલક્ષ્મી ટેક્ષટાઈલ નામનું ખાતુ છે. આ ખાતામાં મૂળ ઉત્તર પ્રદેશના ફતેપુર જિલ્લાનો રહેવાસી અને હાલ બે મહિનાથી નહેર પાસે નંદનીમાં શિતલા માતાના મંદિર પાછળ રુમ નં ૩માં રહેતો ૧૮ વર્ષિય સોહન અમૃતલાલ નિશાર હેલ્પર તરીકે કામ કરતો હતો. રવિવારે સોહમ ૩:૪૫ કલાકે ખાતાની લિફ્ટમાં ત્રીજા માળેથી ટ્રોમમાં લાકડા લઈ નીચે ઉતરતી વખતે અચાનક લિફ્ટ તૂટી પડતા સોહમને ગંભીર ઈજાઓ પહોચતાં ઘટના સ્થળે જ તેનું મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ ૧૦૮ એમ્બયુલન્સના કર્મચારીએ સાયણ પોલીસને કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહનો કબજો લઈ પીએમ માટે સાયણ આરોગ્ય કેન્દ્રમાં પ્રાઈવેટ વાહનમાં પહોંચાડ્યો હતો. ઘટનાની વધુ તપાસ સાયણ પોલીસ કરી રહી છે.

## પાવરગ્રીડના વિરોધમાં ભરૂચમાં ખેડૂતોએ ચેતનાયાત્રા યોજી

**અન્યાય** અને સમાન વળતરની માંગ સાથે પાલેજના કિશનાડથી યાત્રા શરૂ કરી કુકરવાડા ગામે સંપન્ન કરી, આંદોલન વધુ ઉગ્ર બનાવવા ચીમકી



ભરૂચઃ ભરૂચ જિલ્લામાં ખેડૂતો પોતાના પ્રાણ પ્રશ્નો અને પાવર ગ્રીડની લાઈનમાં ટાવર નાંખવા મુદ્દે સમાન જમીન, સમાન વળતરની માંગ સાથે ખેડૂતોએ પાલેજના કિશનાડ ગામથી પદયાત્રાનો પ્રારંભ કર્યો હતો.


ભરૂચ જિલ્લા ખેડૂત સમાજ દ્વારા આયોજીત ખેડૂત ચેતના યાત્રાનો પ્રારંભ કિશનાડ ખાતેથી થયો હતો, જેમાં ખેડૂતોની ટાવર લાઈન તેમજ ખેડૂતો સાથે થઈ રહેલા અન્યાય અને ટાવર નાંખવા મુદ્દે સમાન વળતરની માંગ સાથે, યાત્રા ટંકારીયા, સિતપોણ, હિગ્ગલા, કોઠી, ત્રાલસા, ત્રાલસી, મહુડલા, દેરોલ, મનુબર, કરમાડ, દેત્રાંલ, હિગ્લોટ, દશાન, વેડવાડા થઈ મોડી સાંજે કુકરવાડા ખાતે આવી પહોંચતા પદયાત્રા પૂર્ણ કરી હતી. ખેડૂતોના પ્રાણ પ્રશ્નો હલ નહીં થાય તો આવનારા સમયમાં ખેડૂતો હજુ પણ આંદોલનને વધુ ઉગ્ર બનાવશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

## પીપોદરા GIDCની મિલમાં આગ લાગતાં અફરાતફરી

**મશીનો** તેમજ કાપડનો જથ્થો બળીને રાખ, આગની ઝાળથી બિલ્ડિંગને પણ નુકસાન

હથોડાઃ પીપોદરા જીઆઈડીસી ખાતે મહેક ફેબ્રિક નામની ફેક્ટરીમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા અને આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની વિગત એવી છે કોસંબા પોલીસમાં મોડી સાંજે ફેક્ટરીના માલિક કેતનભાઈ મગનભાઈ સાંગાણી (રહેવાસી સરથાણા જકાતનાકા મૂળ રાજકોટ)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમની પીપોદરા જીઆઈડીસી ખાતે બ્લોક નંબર 130માં મહેક ફેબ્રિક નામની ફેક્ટરીમાં શોર્ટ સર્કિટના કારણે આગ ફાટી નીકળતા ફેક્ટરીમાં કાર્યરત 6 જેકાર્ડ મશીન પૈકી


ઈબ્રાહીમ કાનુ

બે રેપિયર જેકાર્ડ મશીન તથા અન્ય મશીનોમાં વાયરનો તેમજ કાપડનો જથ્થો સંપૂર્ણ બળીને ખાક થઈ ગયો છે. બીજા ચાર રેપીયર જેકાર્ડ મશીન અને ફેક્ટરીની બિલ્ડીંગને આગની ઝાળ અને ગરમી લાગતા મોટું નુકસાન થયું છે.

## વ્યારાના ખાનપુર ગામે ઝાંખરી નદીમાંથી ગેરકાયદે રેતીખનન



**લીઝ-મંજૂરી** વિના જ રેતીમાફિયાઓ દિવસ-રાત રેતી ઉલેચી રહ્યા હોવાથી લોકોમાં રોષ

વ્યારાઃ તાપીના વ્યારા તાલુકાના ખાનપુર ગામે ઝાંખરી નદીમાંથી ગેરકાયદે રીતે રેતીખનન ધમધમતું થયું છે. ઝાંખરી નદીના પટમાં બિન્દાસ્ત રીતે ચાલતી રેતીખનનની પ્રવૃત્તિ સામે અંકુશ મૂકવામાં આવે તે જરૂરી છે, કારણ કે અહીં પ્રસિદ્ધ આદિવાસીઓની આસ્થાનું કેન્દ્ર ગોવાળદેવ આવેલું છે. જ્યાંથી થોડે દૂર ઝાંખરી નદી પરના ઉકાઇ ડાબા કાંઠા નહેરના પુલ નજીક નદીની વચ્ચોવચ દિવસરાત ગેરકાયદે રીતે રેતી ઉલેચવામાં આવી રહી છે.

આ બાબતે તાપી જિલ્લા ભૂસ્તરશાસ્ત્રીની કચેરીમાં પૂછવામાં આવતા ખાનપુર ગામમાં ઝાંખરી નદીમાં રેતીની હાલ કોઈ લીઝ મંજૂર કરવામાં આવી નથી અને અહીં કોઈ લીઝ ચાલતી ન હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે ઝાંખરી નદીમાં કોની રહેમનજર નીચે રેતી ઉલેચવામાં આવી રહી છે? તે સ્થાનિક તંત્ર માટે તપાસનો અને લોકોમાં ચર્ચા સાથે રોષનો વિષય બન્યો છે.

## બુલેટ ઉપર નીકળતા ધારાસભ્યને ને.હા. 64ની દુર્દશા દેખાતી નથી?

**અત્યંત** બિસ્માર રોડ અંગે આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખનું મહેણું, ધૂળની ડમરીથી લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાની ગંભીર ફરિયાદ



આમોદઃ આમોદ ચોકડી પરથી પસાર થતો નેશનલ હાઈવે નંબર-64 એક જ વર્ષમાં ખખડધજ થઈ જતા વાહનચાલકોની હાલત કફોડી બની ગઈ છે. આ રોડ મુદ્દે આમોદનું રાજકારણ ગરમાયું છે.

આમોદ પાસેથી પસાર થતો નેશનલ હાઈવે નંબર-64 સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને જોડતો મુખ્ય માર્ગ છે. તેની હાલત અત્યંત બિસ્માર હોવાથી રાહદારીઓ અને વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ મામલે આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્ર પટેલે સરકાર સામે આક્ષેપ કરીને જણાવ્યું હતું કે, રોડની ખખડધજ હાલતને કારણે ધૂળની ડમરીઓથી લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ખિલવાડ થઈ રહ્યો છે અને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. જે ધારાસભ્ય જંબુસર તાલુકામાં બુલેટ ઉપર સવાર થઈ વિકાસના કામોનું નિરીક્ષણ કરવા નીકળે છે, ત્યારે તેમને આમોદના નેશનલ હાઈવે નંબર-64 આ દુર્દશા કેમ દેખાતા નથી? વિપક્ષ તરીકે અવાજ ઉઠાવવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી નહીં થતી હોવાથી તેમણે સરકાર સામે નારાજગી વ્યક્ત કરી હતી.

## બારડોલીના તેનની 24 વર્ષીય પરિણીતાએ ફાંસો ખાઈ લીધો

બારડોલીઃ બારડોલીના તેન રોડ વિસ્તારમાં નહેર ફળિયામાં એક ૨૪ વર્ષીય પરિણીતાએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. લગ્નના આઠ વર્ષ બાદ મહિલાએ આ અંતિમ પગલું ભરતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના નાલ ગામના વતની અને હાલ બારડોલીના તેન રોડ સ્થિત નહેર ફળિયામાં રહેતા વર્ષાબેન અનિલભાઈ વસાવા (ઉ.વ. ૨૪)એ શનિવાર, ૨૦ ડિસેમ્બરે સવારના સમયે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર હિંચકાના કડા સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ લેતા તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

ઘટના અંગે મૃતકના પતિ અનિલભાઈ અશોકભાઈ વસાવાએ બારડોલી ટાઉન પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે અ.મોત નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ઓલપાડ ટાઉનમાં વાલોડના ચૌધરી યુવકનો ફાંસો ખાઈ આપઘાત

સાયણઃ મૂળ તાપી જિલ્લાના વાલોડ તાલુકાના કલમકુઈ ગામના વાડી ફળિયાના વતની ધ્રુવલકુમાર અશોકભાઈ ચૌધરી (ઉ.વ.૨૨) હાલમાં ઓલપાડ ટાઉનમાં દ્વારકાધીશ માધવ સ્કવેરના ડી-બિલ્ડીંગના ફ્લેટ નં.૧૦૭માં રહી નોકરી કરતો હતો. ધ્રુવલ ચૌધરીએ ગત તા.૨૦મીએ સાંજે-૭:૧૫ કલાક પહેલાના સુમારે અગમ્ય કારણોસર પોતાની રૂમની છતના પંખા સાથે નાયલોનની દોરીનો છેડો બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## અંકલેશ્વરમાં પારસી બિલ્ડરના બંગલામાંથી 50 લાખની ચોરી

**પરિવાર** લગ્ન પ્રસંગે પૂના ગયો ને તસ્કરો બંધ મકાનમાંથી 40 લાખના દાગીના, 10 લાખની રોકડ ચોરી ફરાર

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરના પારસીવાડ વિસ્તારમાં એક પારસી પરિવારના બંધ બંગલાને નિશાન બનાવી તસ્કરોએ અંદાજે રૂ.50 લાખની માલમત્તા પર હાથફેરો કર્યો હોવાનું બહાર આવ્યું છે.

કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા મઝુન રૂસ્તમજી વિમાદલાલ તેમના પરિવાર સાથે લગ્ન પ્રસંગે પૂના ગયા હતા. આ દરમિયાન ઘર બંધ હોવાથી તેનો લાભ લઈ અજાણ્યા તસ્કરોએ રાત્રિના સમયે બંગલામાં ઘુસી ચોરીને અંજામ આપ્યો હતો.

તસ્કરોએ ઘરમાંથી અંદાજે 20 તોલા સોનાના દાગીના તેમજ રૂ.10 લાખ જેટલી રોકડ રકમ ચોરી કરી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. ઠંડીના માહોલ વચ્ચે બનેલી આ ઘટનાથી પારસીવાડ વિસ્તારમાં ભય અને ચિંતાનો માહોલ સર્જાયો છે.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. સાથે જ એલસીબી, એસઓજી, ફિંગરપ્રિન્ટ નિષ્ણાતો તેમજ ડોગ સ્કવોડને તપાસ માટે બોલાવવામાં આવ્યા હતા. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવાની કાર્યવાહી શરૂ કરી છે અને તસ્કરોને ઝડપી લેવા માટે વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચ દાંડિયાબજારના પૌરાણિક બળિયાદેવ મંદિરે ટાઢું આરોગવા ભક્તો ઉમટ્યા





ભરૂચઃ ભરૂચ શહેરના ઐતિહાસિક દાંડિયા બજાર વિસ્તારના પૌરાણિક બળિયાદેવ મહારાજના મંદિરે આજે પોષ માસના પ્રથમ રવિવારે શ્રદ્ધા અને ભક્તિ સાથે વર્ષોથી ચાલી આવતી પરંપરા અનુસાર, બળિયાદેવ મહારાજને શીતળા માતાના પ્રતીક તરીકે પૂજવાની અને 'ટાઢું' (રાંધેલું ઠંડુ ભોજન) આરોગવાની પ્રથા આજે પણ અકબંધ જોવા મળી હતી. વહેલી સવારથી જ મંદિરના પ્રાંગણમાં શ્રદ્ધાળુઓનો ભારે જમાવડો જોવા મળ્યો હતો, જ્યાં અનેક પરિવારોએ એકત્ર થઈને આ પવિત્ર દિવસની ઉજવણી કરી હતી. ખાસ કરીને શીતળા જેવા રોગો અથવા સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ સમયે માનવામાં આવેલી બાધા-આખડી પૂરી કરવા માટે વિવિધ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આધુનિક સમયમાં પણ લોકોએ પોતાના સાંસ્કૃતિક વારસાને જાળવી રાખીને બળિયાદેવના ચરણે શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી. મંદિરે આવતા શ્રદ્ધાળુઓએ શ્રદ્ધાપૂર્વક દર્શન કરી સુખ-શાંતિની પ્રાર્થના કરી હતી અને પરંપરાગત રીતે ભોજન ગ્રહણ કરીને આ લોક ઉત્સવ જેવો માહોલ સર્જ્યો હતો.

### અંકલેશ્વરમાં ડોક્ટર્સ પ્રીમિયર ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ

અંકલેશ્વરઃ અંકલેશ્વર ડોક્ટર્સ ક્લબ દ્વારા ભાદી ગામ સ્થિત સ્પોર્ટ્સ એકેડમી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે એક દિવસીય ડોક્ટર્સ પ્રીમિયર ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો રાજ્ય સરકારના જળસંપત્તિ તથા પાણી પુરવઠા મંત્રીના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. ડોક્ટર્સ ક્લબ દ્વારા છેલ્લા 9 વર્ષથી સતત આયોજિત થતી આ ટુર્નામેન્ટનું આ વર્ષે 10મું સંસ્કરણ હતું. ટુર્નામેન્ટમાં ભરૂચ અને સુરત જિલ્લાનાં ડોક્ટરોની 6 ટીમ, મહિલા ડોક્ટરોની 2 ટીમ તથા ડોક્ટરોના બાળકોની 2 ટીમ મળી કુલ 10 ટીમે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે પંડવાઈ સુગરના વાઈસ ચેરમેન તથા તાલુકા પંચાયતના સભ્ય અનિલ પટેલ, પૂર્વ ભાજપ પ્રમુખ નિતેન્દ્ર દેવધરા, ડોક્ટર્સ ક્લબના પ્રમુખ ડો. જીગ્નેશ પટેલ, ડો. ધર્મેશ પટેલ સહિત મોટી સંખ્યામાં ડોક્ટરો ઉપસ્થિત રહ્યા હતા.

### દ.ગુ. અનાવિલ તાલુકા ડે-નાઈટ ટી-20 પ્રિમિયર લીગમાં કામરેજ તાલુકાનો વિજય



કામરેજઃ કામરેજ તાલુકાના કોસમાડા અવિરા ક્રિકેટ ગ્રાઉન્ડ પર અનાવિલોના ખેલોના મહાકુંભ એવા તાલુકા પ્રિમિયર લીગ ટી-20 ક્રિકેટ ટુનામેન્ટનું આયોજન અંકુર દેસાઈ (કડોદરા) તેમજ કમલેશ દેસાઈ (સાંકી)ના સહયોગથી કરવામાં આવ્યું હતું. કામરેજ તાલુકાના અનાવિલ ખેલાડીઓનો ઉત્સાહ વધારવા માટે લાડવી ગામના નિમેષ ઉર્ફે લાલુ દેસાઈ અને વિપુલ ઉર્ફે ગુરુભાઈ દેસાઈએ કામરેજની ટીમનું રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. આ ટુનામેન્ટની ફાઈનલ મેચ કામરેજ તાલુકા અને પલસાણા તાલુકા વચ્ચે રમાઈ હતી, જેમાં કામરેજ તાલુકાની ટીમે 2 વિકેટથી વિજય મેળવ્યો હતો. ટીમના કેપ્ટન કૌશલ દેસાઈ (કોસમાડા) મેન ઓફ ધ મેચ, યશ દેસાઈ (સાંકી) મેન ઓફ ધ સીરીઝ અને બેસ્ટ બેસ્ટમેન, રંગ દેસાઈ બેસ્ટ બોલર તેમજ નિર્સંગ દેસાઈ (પૂણી) બેસ્ટ ફિલ્ડર જાહેર થયા હતા.

### ઉકાઇ ડાબા કાંઠા નહેરમાં તણાયેલા યુવકનો મૃતદેહ મળી આવ્યો

વ્યારાઃ વ્યારાના મિશન નાકા પાસે ઉકાઇ ડાબા કાંઠા નહેરમાં હાથ પગ ધોવા ઉતરેલા 21 વર્ષીય યુવકનો મૃતદેહ બીજા દિવસે વ્યારાના ઘેરીયાવાવ ગામમાંથી પસાર થતી ઉકાઇ ડાબા કાંઠા નહેરમાંથી મળી આવ્યો હતો. સ્નેહલભાઈ દિનેશભાઈ ગામીત (ઉં.વ 21 રહે. ચાંપાવાડી ગામ પારસી ફળિયું તા.સોનગઢ જી.તાપી) ગત 19-12-2025ની બપોરે સાડા બાર વાગ્યાના અરસામાં વ્યારાના મિશન નાકા પાસે ઉકાઇ ડાબા કાંઠા નહેરના પુલ પાસે હાથ પગ ધોવા માટે નહેરમાં ઉતર્યો હતો. અચાનક પગ લપસી જતાં તે નહેરના વહેતા પાણીમાં તણાઈ ગયો હતો. જેનો મૃતદેહ ગતરોજ સવારે 10 વાગ્યાના સુમારે વ્યારા તાલુકાના ઘેરીયાવાવ ગામમાંથી પસાર થતી ઉકાઇ ડાબા કાંઠા નહેરમાંથી મળી આવ્યો હતો.


Milano MULTIPLEX
બારડોલી
Avatar: Fire And Ash
10:00am, 01:45pm, 05:30pm, 09:30pm
Dhurandhar
09:30am, 12:00pm, 02:00pm, 04:00pm, 06:00pm, 09:00pm, 10:00am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333


## દેડિયાપાડાના ઇનરેકા સંસ્થાનને ઈમ્પેક્ટ ઇન્ડિયા સમિટનો શ્રેષ્ઠ સંસ્થાનનો પુરસ્કાર



દેડિયાપાડાઃ ભારત દેશમાં સતત વાર્ષિક સ્વચ્છતા અભિયાનમાં પ્રથમ ક્રમે આવતા મધ્ય પ્રદેશના ઈન્દોર શહેરમાં ગાંધી ભવનના પ્રાંગણમાં ઈમ્પેક્ટ ઈન્ડિયા સમિત-2025 રાખવામાં આવ્યું હતું. જેમાં પ્રખ્યાત પર્યાવરણવિદ અને પદ્મશ્રી ડૉ. જનક પલટા મગિલિગન (દીદી) જે સ્વચ્છ શહેર ઈન્દોરના બ્રાંડ એમ્બાસેડર છે, તેમની અધ્યક્ષતામાં 18મી ડીસેમ્બરે કાર્યક્રમ થયો હતો. તેમાં ટકાઉ વિકાસ, પર્યાવરણ સંવર્ધન સાથે સહિયારો વિકાસ તેમજ પરિવર્તન લાવનારાઓના પ્રયાસોનું અવલોકન કરાયું હતું.

દેડિયાપાડાનાં ઈનરેકા સંસ્થાનના પ્રમુખ ડૉ.વિનોદ કુમાર એમ કૌશિકને તેમના વિચારોને પ્રસ્તુતિકરણ તેમજ ઈનરેકા સંસ્થાનના છેલ્લા 42 વર્ષથી સતત કરી રહેલી શ્રેષ્ઠ કામગીરીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ સંસ્થાને પર્યાવરણ, આજીવિકા, શિક્ષણ (શાળાઓ, આશ્રમ શાળાઓ, નર્સિંગ કોલેજ અને છાત્રાલયો) સ્વાસ્થ્યને લગતા કાર્યક્રમો જેમ કે ગામોમાં સિકલસેલ, ખોરાક લેવાની આદતો અને રોગ પ્રતિકારક ટેવોને પ્રોત્સાહન આપવાનો અભિગમ સ્વીકાર્યો હતો તેમજ રોગ નિવારણ હેતુસર સુંદર હોસ્પિટલ વગેરેની કામગીરીને ધ્યાને લઈ શ્રેષ્ઠ સંસ્થાન તરીકેનું બિરુદ્ધ આપ્યું હતું.

### ડેડીયાપાડામાં યોજાયેલા વડાપ્રધાન મોદીના કાર્યક્રમના હિસાબ માંગતા સૌ ચોંક્યા

## સાપુતારા-SOU કોરિડોર પ્રોજેક્ટ રદ કરવા માંગ

**નર્મદા** જિલ્લા સંકલન બેઠકમાં ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાનો હુંકાર, 14 ગ્રામસભાએ અસંમતિ દર્શાવી હોવાની વાત આગળ કરી

રાજપીપલાઃ નર્મદા જિલ્લા સંકલન સમિતીની બેઠકમાં ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ માત્ર પોતાના મતવિસ્તારના જ નહીં, પરંતુ સમગ્ર જિલ્લાના પ્રશ્નો રજૂ કરી વહીવટી તંત્રને ઢંઢોળ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ચૈતર વસાવાએ પ્રશ્નો રજૂ કરી જિલ્લામાં મનરેગાના કામો સત્વરે શરુ કરી રોજગારી આપવા જણાવ્યું હતું. આ ઉપરાંત ધાણી ખુંટ નજીક કરજણ નદીના પુલ પરથી એસ.ટી.ની મિની બસ ચાલુ કરવા માંગણી કરી હતી. સાથે જ નવરચિત ચીકદા તાલુકાની ખૂટતી સુવિધાઓ માટે અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

આ ઉપરાંત ડેડીયાપાડામાં યોજાયેલ વડાપ્રધાનના કાર્યક્રમના હિસાબની વિગતો માંગી સૌને ચોંકાવી દીધા હતા. જ્યારે ગરુડેશ્વર ખાતે સરકારી અધિકારીઓને ફાળવેલા પ્લોટ પર બંગલા બાંધી હોમસ્ટે ચલાવવામાં આવે છે, તેની તપાસની માંગણી કરી હતી. અંકલેશ્વરથી કેવડિયાનો કોરિડોર બને છે, જેમાં આમલેથા, કુમસગામના ખેડૂતોની જમીન સંપાદન થવાની છે, તેનો ડીપીઆર ખેડૂતોને આપવા માંગણી કરી હતી. સાથે જ સાપુતારાથી SOUનો કોરિડોર બનાવવા સામે 14 ગ્રામસભામાં અસંમતિ દર્શાવાઈ છે, જેથી આ પ્રોજેક્ટ રદ કરવા માંગણી કરી હતી.

## અંકલેશ્વર GIDCમાં બાગની જગ્યા પર શાકમાર્કેટનો વિરોધ

**સ્થાનિકોએ** નોટિફાઈડ એરિયા ઓથોરિટીની સામે સુંદરકાંડ પાઠ કરી અનોખો વિરોધ કર્યો

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસીના રહેણાંક વિસ્તારમાં બગીચાની જગ્યા પર શાકભાજી માર્કેટ શરૂ કરવાની નોટિફાઈડ એરિયા ઓથોરિટીની યોજના સામે સ્થાનિક રહીશો દ્વારા અનોખો અને પ્રતીકાત્મક વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. સ્થાનિકોએ સંગીતમય સુંદરકાંડના પાઠનું આયોજન કરી વિરોધ વ્યક્ત કર્યો હતો.

અંકલેશ્વર જીઆઈડીસીમાં રંગમ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીની બાજુની ખુલ્લી જમીન પર અગાઉ બગીચો વિકસાવવાનો પ્રસ્તાવ હતો. જો કે બાદમાં નોટિફાઈડ એરિયા ઓથોરિટી દ્વારા આ જ જગ્યા પર શાકભાજી માર્કેટ ફાળવવાનો વિચાર કરવામાં આવતા સ્થાનિકોમાં અસંતોષ ફેલાયો છે.

આ નિર્ણયના વિરોધમાં અગાઉ નોટિફાઈડ એરિયા ઓથોરિટીની કચેરી ખાતે થાળી-વેલણ વગાડી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ગત રાત્રે સ્થાનિકો દ્વારા સંગીતમય સુંદરકાંડના પાઠનું આયોજન કરી શાંતિપૂર્ણ અને ધાર્મિક રીતથી પ્રતીકાત્મક વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**શાકમાર્કેટથી ટ્રાફિક, અવાજ પ્રદૂષણ, ગંદકી સહિતની સમસ્યામાં વધારો થશે**

સ્થાનિક રહીશોનું કહેવું છે કે રહેણાંક વિસ્તારમાં શાકમાર્કેટ શરૂ થવાથી ટ્રાફિકની સમસ્યા, અવાજ પ્રદૂષણ, ગંદકી, પાર્કિંગની તકલીફ તેમજ સુરક્ષાની દૃષ્ટિએ અનેક મુશ્કેલીઓ ઊભી થવાની શક્યતા છે. તેથી બગીચાની જગ્યાને યથાવત રાખી શાકમાર્કેટનો નિર્ણય તાત્કાલિક પરત ખેંચવામાં આવે તેવી માંગ સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહી છે.

## સોનગઢમાંથી ગેરકાયદે સંગ્રહાયેલા ફટાકડા જપ્ત કરવામાં આવ્યા

સોનગઢઃ દેવજીપુરા વિસ્તારમાં રહેતા સાદિકઅલી અફઝલઅલી ભોજાણી પોતાના મકાન પાસેની દુકાનમાં કોઈપણ પ્રકારની ફાયર સેફ્ટી વ્યવસ્થા વિના ફટાકડાનો સ્ટોક રાખી રહ્યા છે. આ બાતમીના આધારે બપોરે પોલીસે તપાસ હાથ ધરી હતી. જે દરમિયાન દુકાનમાંથી જુદા જુદા પ્રકારના ફટાકડાના કુલ 84 કાર્ટન મળી આવ્યા હતા, જેની અંદાજિત કિંમત રૂ.59,235 થવા જાય છે. આરોપી પાસે ફટાકડા વેચાણ માટેનું કોઈપણ માન્ય લાયસન્સ ન હોવાનું જાણવા મળતાં પોલીસે સમગ્ર મુદ્દામાલ જપ્ત કરી સાદિકઅલી અફઝલઅલી ભોજાણી (ઉંમર 49 વર્ષ) વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.